**રાજકોટના મહે. ૧૯માં એડી. ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ**
**શ્રી એ.આર.સોની સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં.-10709/2024**
**EXH - 6**

**ફરીયાદી -** **સરકારશ્રી**

**વિરૂદ્ધ**

**આરોપી -** **નિલેષભાઈ મોહનભાઈ વાઘેલા**
**રહે. રાજકોટ**

**-- ચુકાદો --**

સદર કામનુ રેકર્ડ આજરોજ વંચાણે લીધુ. આ કામના આરોપી સામે IPC - 188 મુજબનો ગુનો નોંધાયેલ. તપાસના અંતે આરોપી સામે હાલનો ચાર્જશીટ રજુ થતાં ઉપરોક્ત ગુના સબબ આરોપીને સમન્સ ઈશ્યુ કરતા, સમન્સની બજવણી થતાં, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૦૭ મુજબ વિના મુલ્યે આપવામાં આવેલ છે અને તેઓને મજકુર ગુના અંગે પુછી પ્લી રેકર્ડ કરતાં, તેઓને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. અદાલત તરફથી તેઓને જણાવવામાં આવેલ છે કે, તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને જો તેઓ પોતાના ખર્ચે વકીલ રોકી શકે તેમ ન હોય તો સરકાર તરફથી વકીલ મળી શકે તેમ છે અને તેઓ પોતાનો બચાવ કરી શકે તેમ છે. ત્યારબાદ પણ આરોપી પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ અને તે અંગે પોતાની સહીથી કબુલાત પુરસીશ આપેલ છે.

આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, તેઓ ખુબ જ ગરીબ વર્ગના છે. તેઓના ઘરમાં પોતાના સિવાય કોઈ પણ ઈસમ કમાનાર નથી. હવે પછી ક્યારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહી. તેમનાથી અજાણતા ગુનો થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુનો ન બને તેવી ખાત્રી અને ભરોસો આપી, દયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે.

આરોપીને તેમની કબુલાત તેમની વિરુદ્ધ પુરાવો ગણાશે તેમજ સદર ગુના સબબ આરોપીને મહત્તમ કેટલી સજા થઈ શકે છે તેની પણ સ્પષ્ટ સમજ આપાવ છતાં પણ આરોપી ગુનો કબુલ કરવા માંગતા હોઈ આરોપી તરફે રજુ થયેલ ઉપરોક્ત ગુન્હા કબુલાત પુરશીસ સ્વૈચ્છીક જણાય છે. આ તબક્કે નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરિચન્દ્ર ઠાકોરના કેસમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. હાલના કામે આરોપીએ સ્વેચ્છીક કબુલાત આપેલ છે અને તેઓને ગુના સબબ પસ્તાવો વ્યક્ત કરેલ છે અને ભવિષ્યમાં કોઈ ગુનો નહી કરે તેવી મૌખિક ખાત્રી આપેલ છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ ઓછી સજા અને દંડ કરી તેને સુધરવાની તક આપવા ન્યાયોચિત માની કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

૧. આ કામના આરોપી સામે IPC -188 મુજબના ગુના સબબ તકસીર ઠરાવી, પ્રત્યેક આરોપીને મજકુર ગુના સબબ રૂા 100/- અંકે રૂપીયા (સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરવામાં આવે તો આરોપીએ દિન - ૩(ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પરત આપવા સારૂ વચગાળાનો કોઈ હુકમ કરેલ હોય તો, આથી તે હુકમ બિન શરતી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે. સદર કામનું કિંમતી મુદ્દામાલ જો કોઈએ ક્લેઈમ કરેલ ન હોય તો તે નિયમાનુસાર સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ અન્ય મુદ્દામાલનો નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતામાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ
તા. ૨૨/૦૬/૨૦૨૪

**(એ.આર.સોની)**
**૧૯માં એડી. ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ**
**રાજકોટ**